| PUBLICATION NAME : | Phulchhab |
|---|---|
| EDITION : | Rajkot |
| DATE : | 30/11/23 |
| PAGE : | 06 |


# ગુજરાતમાં ગ્રીન મિથેનોલ - ગ્રીન ઇથેનોલના ઉત્પાદન માટે ૧,૦૦૦ કરોડના MOU થયા

અમદાવાદ, તા.૨૯: ગુજરાતમાં અત્યાર સુધી આકર્ષિત રોકાણ ગુજરાત માટે વૈશ્વિક ગ્રીન હાઇડ્રોજન કેપિટલ બનવાનો માર્ગ મોકળો કરી રહ્યા છે. વેલસ્પન અને કિરી ઇન્ડસ્ટ્રીઝ જેવી ભારતીય કંપનીઓએ ગુજરાતથી યુરોપમાં ગ્રીન હાઇડ્રોજન અને ગ્રીન એમોનિયાની નિકાસની સુવિધા માટે લિલી નેવિટાસ (જર્મની) અને સુન્ડ્રોનિક્સ (જર્મની) સાથે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા. શિપિંગ માટે ગ્રીન ફ્યુઅલની વિશાળ સંભાવનાને ઓળખીને, શક્તિ ગ્રુપે ગુજરાતમાં ગ્રીન મિથેનોલ અને ગ્રીન ઇથેનોલના ઉત્પાદન માટે રૂ.૧,૦૦૦ કરોડના રોકાણ માટે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે.

ગ્રીન હાઇડ્રોજન ઉત્પાદન તરફ આગળ વધતાં આ લક્ષ્યો હાંસલ કરવા માટે ગુજરાત સરકારે ફ્રાન્સ, જાપાન, દક્ષિણ કોરિયા, ઓસ્ટ્રેલિયા અને સિંગાપોરની અગ્રણી વૈશ્વિક કંપનીઓ અને મુંબઈ, નવી દિલ્હી, કોલકાતા અને ચંદીગઢની રાષ્ટ્રીય ઊર્જા અને ગ્રીન હાઇડ્રોજન કંપનીઓ સાથે ઘણી બેઠકો યોજી હતી. પ્રતિનિધિમંડળે ગ્રીન હાઇડ્રોજન અને ગ્રીન એનર્જી ક્ષેત્ર માટે ગુજરાતનું વિઝન શેર કર્યું હતું અને ગુજરાતમાં ઉપલબ્ધ વિવિધ તકોની ચર્ચા કરી હતી.

## વિદ્યાર્થી ઉદ્યોગ સાહસિકતા પોલિસી સંદર્ભે EDII સાથે MOU કરાયા

અમદાવાદ, તા.૨૯: વિદ્યાર્થી ઉદ્યોગ સાહસિકતા પોલિસીની અસરકારક અમલવારી માટે આજે ગાંધીનગર ખાતે ઊઉઈઈ (એન્ટરપ્રિન્યોરશીપ ડેવલોપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા) સાથે એમઓયુ કરવામાં આવ્યા હતા. આ અવસરે રાજ્યના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલની વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પોલીસી અંતર્ગત પ્રારંભિક તબક્કે ૫૦૦ જેટલા નોડલ ઓફિસરની નિયુક્તિ કરીને કૉલેજમાં અભ્યાસ કરતા ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાહસિકતા નીતિ પ્રોગ્રામ હેઠળ આવરી લઈ પસંદગી પામેલા વિદ્યાર્થીઓને નાના ઉદ્યોગો શરૂ કરવા માટે ૪૦,૦૦૦ રૂપિયા જેટલી આર્થિક સહાય ચૂકવવાનું નક્કી કરવામાં આવ્યું છે.